2/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૩૨

વર્ષ-૪ • અંક -૩૦૬ • સળંગ અંક - ૧૩૧૩ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણમાં લૌકિક વ્યવહાર બંધ છે. | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

સૂર્યોદય - ૦૬.૨૭.૨૧
સંવંત - ૨૦૭૮
ભાદરવા વદ-૦૫, ગુરૂવાર
તા. ૧૫-૦૯-૨૦૨૨
સૂર્યાસ્ત - ૦૬.૪૦.૪૫



**લુણી**ના **મણીલાલ ઉમરશી દેઢીયા** ઉ. ૬૩, તા. ૧૨-૯ના ટુંકી માંદગીથી અવસાન પામેલ છે. રતનબેન ઉમરશી મોનાના પુત્ર. પુષ્પાના પતિ. ભાવિન, ધવલના પિતા. કીંજલ, નીકીતાના સસરા. પાર્થ, નીતીના દાદા. દામજી, મનસુખ, કસ્તુર, સાકર, કેસર, વનિતા, શાંતા, હેમલતા, વડાલા કેસરના ભાઈ. જેવંતીના દેર. તરૂણાના જેઠ. સોનબાઈ કુંવરજીના દોહીત્ર. વેલજી મોનાના ભત્રીજા. રામજી, ગાંગજી, અમૃત, લક્ષ્મીના કાકાઈ ભાઈ. સાડાઉ મણીબેન પ્રેમજીના ભાણેજ. છસરા કાનજી ધારશી, પ્રાગપર શીવજી રવજી, સાડાઉ ડુંગરશી હીરજી, પત્રી હીરજી લખમશી, કાંડાગરા પોપટ કેશવજી, ભુજપુર વસનજી પ્રેમજી, વડાલા પપોટ માલશીના સાલ. જીનેશ, નીખીલ, માનસીના કાકા. અંકિતા, અંજલી, વડાલા સંકીલ પ્રફુલના કાકા સસરા. લાખાપર ગાંગજી પચાણના પૌત્રીવર. ઝવેરબેન માવજીના જમાઈ. જેન્તીના બનેવી. રાધાના નણંદોઈ. દેવના ફુઆ. છસરા વનિતા નરેન્દ્ર, કપાયા નિર્મળા ધનજીના બનેવી. કપાયા હીરબાઈ હીરજીના દોહીત્રી વર. લુણી રેખા મહેન્દ્ર, ટોળ સાધના ગણેશના વેવાઈ. સુભાષ, શૈલેષ, હરખચંદ, શાંતી, રમેશ, નિલેશ, જીગર, જીજ્ઞેશ, વિશાલ, દિપેશ, ભાવેશ, અંકુર, નીરવ, લક્ષ્મીચંદ, રોહીતના મામા. **પ્રાર્થના રાખેલ નથી.** ઠે. મણીલાલ દેઢીયા, ૩/૬, ઉપાધ્યાય ચાલ, કાજુપાડા, બોરીવલી (ઈ.), મું. ૬૬. પુષ્પા-૭૨૦૮૧૧૬૩૬૨, દામજી-૯૫૯૪૫૧૭૫૧૫.

4/1/1 --------- (1-1)



**ભીંસરા**ના **સુંદરજી ભારમલ સાવલા** (ઉ.વ. ૬૬) તા. ૧૨-૯-૨૨ના હાર્ટએટેકથી દેહ પરિવર્તન કરેલ છે. ભાણબાઈ લધાના પૌત્ર. નેણબાઈ ભારમલના સુપુત્ર. દેવચંદ, લક્ષ્મીચંદ, પાનાચંદ, કાંતીલાલ, કેસરબેન, નિર્મળાના ભાઈ. દમયંતી, લતા, ગીતાના દિયર. મમતાના જેઠ. ના. આસંબીયા ગાંગજી ચાંપશી નંદુ, નાંગલપુર દામજી નાનજી દેઢીયાના સાળા. દિક્ષિત, મિનલના પિતા તુલ્ય. વિવેકના સસરાતુલ્ય. કલ્પા, અલ્પા, નીના, દિપીકા, રોનક, શિલ્પા, ઉચીત, કેવલ, ઈશિતના કાકા. જયેશ, દક્ષા, સં.પક્ષે સમયગુણાશ્રીજી મ.સા., પોપટ, રતિલાલ, નેમચંદ, વિશનજી, બિંદુ, હર્ષિકાના મામા. ભુજપર મગન હરીલાલ, કપાયા અનિલ શાંતીલાલ, મો. લાયજા અજય લહેરચંદ, કપાયા ગુંજન અનિલ (ભાવિ), બિદડા સાગર નીતીનના કાકાઈ સસરા. પત્રી દિનેશ ગાંગજી, બિદડા જીગ્નેશ દામજીના મામાઈ સસરા. લાયજા દેવકાબેન હીરજી ગાલાના ભત્રીજા. ભીંસરા દિવાળીબેન ખેતશી, રાયણ રતનબેન વીરજીના ભાણેજ. ખારોઈ સરલાબેન હસમુખ નિસરના વેવાઈ. **પ્રાર્થના રાખેલ નથી.** નિ. લક્ષ્મીચંદ ભારમલ સાવલા, ૧૨૦૫/૨૮૩, શ્રી સાંઈ ગણેશ સોસાયટી, જવાહર નગર રોડ નં. ૩, સુવિધા હોસ્પીટલ લેન, ગોરગામ (વેસ્ટ), મું. ૧૦૪. લક્ષ્મીચંદ-૮૯૭૬૧૯૪૧૯૫, મિનલ-૮૦૯૭૨૮૯૬૬૧, દિક્ષિત-૮૮૯૮૫૯૨૬૩૬.

4/1/1 --------- (1-2)



**બેરાજા**ના **વ્રજલાલ મોણશી ભેદા** (ઉ. ૮૦) તા. ૧૩-૯-૨૨ ના માંદગીથી અવસાન પામેલ છે. લાધા ખીરાના પૌત્ર. મુન્દ્રાના રવજી પરબતના દોહિત્ર. સાકરબેન મોણશી લાધાના પુત્ર. ચંદ્રાવતીના પતિ. કાશ્મીરાના પિતા. મધુ નંદકિશોરના જેઠ/ભાઈ. દેશલપુરના હેમલતા શામજી, સ્વ. શાંતાબેન મોણશી, નાના આસંબિયાના મંજુ રવિલાલ, દેશલપુરના ઉષા નરેશના ભાઈ. કોડાયના સાકરબેન રવજી લાલનના જમાઈ. ભીંસરના ઉમરબાઈ ધારશી દેઢિયાના દોહિત્રીવર. મંજુલા સુરેન્દ્ર, સવિતા સ્વ. નરેન્દ્ર, ભારતી કૈલાસ, પુનડીના સ્વ. કુસુમ પ્રેમજી, બિદડાના સુશીલા અરવિંદના બનેવી. મુન્દ્રાના જાદવજી, કલ્યાણજી, જવેરબેન, દેશલપુરના ભાનુબેન, ભુજપુરના કંકુબેનના ભાણેજ. કાજલ રાજેશ, સ્વ. તોરલ બંકીમ, બીજલ રીતેશના કાકા. કૈલાશ, મુકેશ, અમર, નીરવ, રીતીન, વર્ષા, જ્યોતી, બબીતા, દર્શિકા, વૈશાલી, દિમીના મામા. દિશા, નાઈશા, યુવાંશના મોટા નાના. **પ્રાર્થના રાખેલ નથી.** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. આત્મશ્રેયાર્થે ૧૨ નવકાર ગણવા. નિ. વ્રજલાલ ભેદા, ૩, મધુકુંજ, નૂતન લક્ષ્મી સોસાયટી, રોડ નં. ૧૦, જુહુ સ્કીમ, વિલેપાર્લા (ઈ), મુંબઈ-૪૯. નંદ કિશોર-૯૭૬૯૦૨૬૮૩૦, ઉષા-૯૮૨૦૦૭૬૯૩૬, મંજુલા-૯૩૨૨૧૧૧૯૩૩, ચંદ્રાવતી- ૯૬૧૯૯૬૨૮૫૨.

4/1/1 --------- (1-3)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુંરત સંપર્ક કરો ॥**
**મુલુંડ ક.વિ.ઓ. ચક્ષુબેન્ક-૯૩૨૦૪૫૫૭૭૭**

### શ્રી કચ્છી વિસા ઓશવાલ ઉત્કર્ષ પ્રતિષ્ઠાન

ઉપરોક્ત સંસ્થા મધ્યે સમાજના જરૂરીયાતમંદ / મધ્યમ વર્ગને નવા મકાન 1 BHK લેવા માટે સંસ્થાના નિયમ અનુસાર વગર વ્યાજની લોન આપવામાં આવે છે. જે માટેના અરજી ફોર્મ (૧) શ્રી કચ્છી વિશા ઓસવાલ દેરાવાસી મહાજન, ભાતબજાર (૨) શ્રી કચ્છી વિસા ઓસવાલ સ્થાનકવાસી મહાજન ચીંચપોકલી (૩) શ્રી કચ્છી વિસા ઓસવાલ સેવા સમાજ ચીંચબંદરની ઓફિસ મધ્યે ઉપલબ્ધ છે. ઈચ્છુક અરજદારે ઉપરોક્ત સ્થળે સંપર્ક કરી ફોર્મ જણાવેલ દસ્તાવેજ સાથે એ જ સ્થળે ફોર્મ ભરીને આપવાના રહેશે. લિ. મંત્રીઓ : ભાવેશ અરવિંદ છેડા, અનિલ ગોવિંદજી ગંગર, વલ્લભજી કેશવજી વોરા.

4/1/1(6) --------- (❖)(1-4)

KVOSJM
STHANAKWASI JAIN MAHAJAN

## શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન-મુંબઈ

૭૦/૮૦, ડો. આંબેડકર રોડ, વોલ્ટાસની સામે, ચીંચપોકલી (ઇ.), મુંબઈ-૪૦૦૦૧૨.
સંપર્ક : ૨૩૭૨૧૦૮૪ / ૨૩૭૩૪૬૭૮. સમય : ૧૧ થી ૫

## સામાન્ય સમિતિની વાર્ષિક સામાન્ય સભાનો પરિપત્ર

### મહાજનશ્રીના સર્વે સભાસદો જોગ

મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા **બુધવાર, તા. ૨૧-૦૯-૨૦૨૨ સાંજે ૫.૦૦ કલાકે** મહાજનશ્રી સંચાલિત A હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, ચીંચપોકલી (ઈ), મુંબઈ-૪૦૦૦૧૨ મધ્યે નીચે જણાવેલ કાર્યવાહી માટે મળશે.

### :: કાર્યસૂચિ ::

૧. તા. ૧૪.૦૩.૨૦૨૨ ના મળેલ સભાની કાર્યનોંધ મંજુર કરવા.
૨. મહાજનશ્રીના વર્ષ ૨૦૨૧-૨૨ (તા. ૧.૪.૨૦૨૧ થી ૩૧.૩.૨૦૨૨) ના ઓડીટેડ હિસાબ અને અહેવાલ રજુ કરી મંજુર કરવા.
૩. મહાજનશ્રી સંચાલિત ત્રણે શાળાઓના વર્ષ ૨૦૨૧-૨૨ (તા. ૧.૪.૨૦૨૧ થી ૩૧.૩.૨૦૨૨) ના ઓડીટેડ હિસાબ અને અહેવાલ રજુ કરી મંજુર કરવા.
૪. માતુશ્રી મણીબાઈ શીવજી દેવજી કન્યા કેળવણી ફંડના વર્ષ ૨૦૨૧-૨૨ (તા. ૧.૪.૨૦૨૧ થી ૩૧.૩.૨૦૨૨) ના ઓડીટેડ હિસાબ અને અહેવાલ રજુ કરી મંજુર કરવા.
૫. વર્ષ ૨૦૨૨-૨૩ (તા. ૧.૪.૨૦૨૨ થી ૩૧.૩.૨૦૨૩) માટે હિસાબો તપાસવા, ઓડિટરની નિમણુંક કરવા તથા મહેનતાણું નક્કી કરવા.
૬. શ્રી દેવજી ખેતશી આરોગ્યધામ દેવલાલીમાં સુપર ડિલક્સ બિલ્ડીંગમાં બીજા માળના બ્લોકોના એક્સ્ટેનશન માટે અને લિફ્ટના ઈન્સ્ટોલેશન બાબત ચર્ચા કરવા.
૭. પ્રમુખશ્રીની મંજુરીથી જે જરૂરી કાર્ય રજુ થાય તે.

**નોંધ :** મહાજનશ્રીના ઓડીટેડ હિસાબો મહાજનશ્રીના કાર્યાલયમાં શુક્રવાર, તા. ૧૬-૦૯-૨૦૨૨ સુધી જોવા માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. હિસાબો અને વાર્ષિક અહેવાલ સંબંધી આપની કોઇ પણ રજુઆત કે પ્રશ્નો હોય તો શુક્રવાર, તા. ૧૬-૦૯-૨૦૨૨ સુધી લેખીતમાં જણાવવું.

**સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.**

લિ. માનદ્ મંત્રીઓ

અનિલ ગોવિંદજી ગંગર • કેતન દેવજી સંઘવી • રાજેન કાંતીલાલ ધરોડ

# શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન, મુંબઈ

## શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજનના આંગણે

## શ્રી લાલવાડી (ધર્મપુરી) નગરે, શ્રી સુવિધિનાથ દરબારે...

### પ્રભુજીની રથયાત્રા તથા કચ્છી ભાઈ-બહેનોનું સ્વામી વાત્સલ્ય

શ્રી સુવિધિનાથ દાદાની છત્રછાયામાં અચલગચ્છાધિપિતશ્રીના આજ્ઞાનુવર્તીની
પ.પૂ.સાધ્વી શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની શુભ નિશ્રામાં તા. ૧૮-૯-૨૦૨૨, રવિવારના
સવારના ૮.૩૦ વાગે પ્રભુજીની રથયાત્રા લાલબાગના રાજમાર્ગો પરથી નીકળશે તથા તે દિવસે ૧૧ વાગ્યાથી લાલબાગમાં વસતા
અને વ્યવસાય કરતા સર્વે કચ્છી જૈન પરીવારોનું સ્વામી વાત્સલ્ય રાખવામાં આવેલ છે.

### સ્વામી વાત્સલ્યના લાભાર્થી પરીવાર : કલ્યાણ મિત્ર પરીવાર - લાલબાગ

### પ્રભુજીની રથયાત્રામાં વિવિધ લાભ લેનાર પરીવારો

| | | |
|---|---|---|
| (૧) પ્રભુજીને લઈ રથમાં બેસવાનું<br>માતુશ્રી ઝવેરબેન નવિનચંદ્ર ગાલા<br>દેવપુર | (૨) પ્રભુજીના રથના સારથી<br>શ્રી મેહુલ વસંતલાલ બૌઆ<br>નાની તુંબડી | (૩) પ્રભુજીની બહેન બનવાનું<br>કુ. ખીલતી રાજેશ ફુરીયા<br>રતાડીયા ગણેશવાલા |
| (૪) રથમાં જમણી બાજુ ચામર લઈને બેસવાનું<br>શ્રીમતી વિમળાબેન ચંદ્રકાંત છેડા<br>બિદડા | (૫) રથમાં ડાબી બાજુ ચામર લઈને બેસવાનું<br>શ્રીમતી વિમળાબેન ચંદ્રકાંત છેડા<br>બિદડા | (૬) રથમાં ધુપ લઈને બેસવાનું<br>કુ. મહેર જિગ્નેશ દેઢીયા<br>નાની ખાખર |
| (૭) રથમાં દિપક લઈને બેસવાનું<br>માતુશ્રી મીઠીબેન મોરારજી દેઢીયા<br>કોટડી મહાદેવપુરી | (૮) પ્રભુજીના રથની આગળ ધરાવળી<br>શ્રી વસંતલાલ મેઘજી મુરજી બૌઆ<br>નાની તુંબડી | (૯) રથની આગળ ધર્મધ્વજ<br>માતુશ્રી કસ્તુરબેન દામજી શામજી ગડા-મોટા લાયજા<br>હસ્તે. ખુશ ભાવિશા રોશન હરીયા |
| (૧૦) અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંતોની છબી લઈ બગીમાં બેસવાનું<br>માતુશ્રી મંજુલાબેન કલ્યાણજી હરીયા-બાડા<br>હસ્તે ખુશ ભાવિશા રોશન હરીયા | (૧૧) રથયાત્રા બાદ પ્રભુજીને પોંખવાનો લાભ<br>માતુશ્રી ઝવેરબેન નવિનચંદ્ર ગાલા<br>દેવપુર | (૧૨) રથયાત્રા બાદ જિનાલયમાં આરતી-મંગળ દિવો<br>માતુશ્રી ગંગાબેન રતીલાલ સાવલા - મોટા આસંબીયા<br>હસ્તે ગૌતમ પુનમ દિપેશ સાવલા |

**દરેક લાભાર્થી પરીવારોની અનુમોદના સહ આભાર**

### રથયાત્રાના રૂટની રૂપરેખા

સવારના ૮.૩૦ વાગે લાલબાગ શ્રી સુવિધિનાથ દેરાસરથી પ્રયાણ કરી શ્રી મુનિસુવ્રત સ્વામી દેરાસર (કાલાચૌકી) સિગ્નલ
નિર્મલ પાર્ક સોમનનગર પાસેથી યુટર્ન લઈ લાલબાગ રાજમાર્ગો પરથી પસાર થઈ ફરી શ્રી સુવિધિનાથ જિનાલયે પુર્ણાહુતિ થશે.

લિ. શ્રી ક.વી.ઓ.દેરાવાસી જૈન મહાજન • શ્રી લાલવાડી (ધર્મપુરી) જૈન સંઘ

## શ્રી કચ્છી વી. ઓ. દે. જૈન મહાજન-મુંબઈ

# પૈસા મેળવજો નીતિથી, તો બચી જશો દુર્ગતિથી

**:: માર્ગાનુસારીતા ગુણ પહેલો ::**

**આજથી આપણે માર્ગાનુસારી એટલે કે મોક્ષમાર્ગ ઉપર પા પા પગલી ભરતા સજ્જન વ્યક્તિમાં રહેલા ૩૫ વિશિષ્ટ ગુણોનું વિવેચન કરતી Intresting લેખમાળાનો પ્રારંભ કરીએ છીએ. સૌ કોઈ ગુણોને સમજી ગુણવાન બનો એ જ શુભાભિલાષા...**

Petrol વિના જો Car ચાલી શકતી નથી, હવા વિના જો Cycle ચાલી શકતી નથી અને Electricity વિના જો Train ચાલી શકતી નથી તો પૈસા વિના સંસારી વ્યક્તિનું જીવન ચાલી શકતું નથી એ વાસ્તવિકતા કબુલ છે.

પણ સબૂર ! એ સંપત્તિ સાથે જો તમે સુખ-શાંતિ ઈચ્છતા હો તો તે સંપત્તિ ન્યાય નીતિથી જ ઉપાર્જિત કરવી જોઈએ. ધન કમાણીમાં થતી છેતરપીંડી, વિશ્વાસઘાત, ભેળસેળ, અનીતિ, જુઠ, લુચ્ચાઈ વિ. સરવાળે સ્વ.-પરના દુઃખ, અશાંતિ અને અજંપાનું કારણ થાય છે.

નાના ભાઈએ મોટા ભાઈ સાથેના ધંધામાં વિશ્વાસઘાત કરીને થોડી થોડી રકમ ગલ્લામાંથી જુદી કાઢી છુપાવવાનું શરૂ કર્યું. દુકાનની જમીનમાં ખાડો ખોદીને ભેગી કરેલી રકમ આઠ લાખ રૂા. દાટી દીધી. એક વખત નાનો ભાઈ કારણસર વતનમાં ગયો. આ બાજુ મુંબઈમાં કોમી હુલ્લડ ફાટી નીકળ્યું. આ લોકોની દુકાન મુસ્લીમ વિભાગમાં હોવાથી હવે જાનનું જોખમ જોઈને મોટો ભાઈ માલસામાન સહિત દુકાન વેંચી વતન ભેગો થઈ ગયો. જેવી નાના ભાઈને દુકાન વેંચાયાની ખબર પડી કે તેને મગજ ઉપર જોરદાર આઘાત લાગ્યો. તે તદન ગાંડો થઈ ગયો. તેણે એક જ બડબડાટ શરૂ કર્યો 'હાય ! મારા આઠ લાખ !' બિચારાની જિંદગી બરબાદ થઈ ગઈ.

અને આથી જ જૈન શાસનના ઝળહળતા રત્ન-કલીકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્રમાં' 'માર્ગાનુસારી' કક્ષાના જીવોનો પ્રથમ ગુણ આ દર્શાવ્યો છે 'ન્યાય સંપન્ન વૈભવ'

મહાનુભાવ ચાણક્યે પણ 'ચાણક્ય નિતિ' માં કાંઈક આવો જ ઉપદેશ આપ્યો છે કે અન્યાય-અનીતિથી પ્રાપ્ત કરેલ ધન બહુ-બહુ તો દશ વર્ષ ટકે. અગીયારમાં વર્ષ પછી એ મુલમાંથી સર્વસ્વરૂપે નષ્ટ થઈ જાય છે.

ક્યારેક પાપાનુબંધી પુણ્યના ઉદયમાં પૈસો ટકે તોય એ વ્યક્તિ અન્ય અનેક રીતે ખુવાર થઈ જાય. જેમ કે પાછલી વયે વર્ષોના વર્ષો પર્યંત બોલી ચાલી ન શકે, ચિત્ત ભ્રમિત થયું હોય એમ કાંઈ સમજી ન શકે, ક્યાંક ભરયુવાનીમાં રહેલ એકનો એક પુત્ર મૃત્યુ પામવાનો આઘાત આવે, તો ક્યાંક યુવાન દિકરી ત્રણ-ત્રણ વાર વળાવવા છતાં દરેક સ્થળેથી પરત જ આવે. ક્યાંક પરીવારમાં સંકલેશની આગ એવી સળગે કે નાની નાની વાતે બંદુક ઉઠાવવા સુધી મામલો બીચકી જાય, તો ક્યાંક દાયકાઓના દાયકાઓ સુધી અદાલતી કેસોના ટેન્શન ચાલ્યા કરે અને અંતે જિંદગીની છેલ્લી પળ સુધી જેલની હવા ખાવી પડે. એટલે જ આ અનીતિની સંપત્તિને આગના ભડકાની ઉપમા આપી છે કે જે બધું રાખ-ખાખ કરી દે.

એની સામે ન્યાયનીતિથી ઉપાર્જિત સંપત્તિ છે દિપકની જ્યોત જેવી. એ જીવનમાં સુખ-શાંતિ-સંતોષનો ઉજાસ પ્રગટાવે. એ કોઈ પણ જીવને દુઃખ કે ભય આપતો નથી એટલે જ પોતે સુખી અને નિર્ભય જીવન જીવી શકે છે.

ન્યાય-નીતિના ધનનો અન્ય ઉપર પણ અદ્‌ભુત પ્રભાવ પડે છે. કેમે કરીને રાજાનો કિલ્લો ચણાતો ન હતો. થોડોક ચણાય ત્યાં પડી જાય. વિચક્ષણ મંત્રીએ ક્ષેત્રપાલ દેવતાની અતૃપ્તિનું અનુમાન કરી તેમને તૃપ્ત કરવા કોઈ નીતિમાન વેપારીની દસ સોનામહોરો લાવીને કિલ્લાની નીચે દાટી અને કિલ્લો ચણાઈ ગયો. જ્યારે આ વાત રાજાએ જાણી ત્યારે તેને વિશ્વાસ ન બેઠો.

તે જ નીતિમાન વેપારીની બીજી દસ સોનામહોર મંત્રી લઈ આવ્યો અને એક માછીમારને આપી અને રાજાના કોષની દસ સોનામહોર એક સાધુને આપી. માછીમાર જાળમાં માછલાં પકડીને તે વખતે ઘરે જઈ રહ્યો હતો. તેનું મન પલટાયું પોતાના પાપી જીવન ઉપર તેને ભારે ધિક્કાર વછુટ્યો અને બીજે જ દિવસે તે સન્યાસી થઈ ગયો.

આ બાજુ પેલા સાધુનું મન પણ પલટાયું. મનમાં મોજશોખભર્યો સંસાર ભોગવવાના વિચારો જોર કરવા લાગ્યા. આજ સુધીના તપ-ત્યાગ પસ્તાવો કરી પેલા માછીમારની જાળ લઈને તે સાધુ માછીમાર બની ગયો ! અને રાજા પણ જીવન પલટાના સમાચાર સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયો.

જૈન ઈતિહાસના પાત્રોમાં 'ન્યાય સંપન્ન વૈભવ' ના ક્ષેત્રે જેનું નામ ટોચ કક્ષા પર આવે એવા પુણીયા શ્રાવકને યાદ કરી તેમને પ્રાર્થના કરીએ કે 'આપના જીવનમાં વણાયેલી ન્યાય સંપન્નતા અને નિઃસ્પૃહતાનો અંશ અમને પણ આપજો જેથી જીવનમાં અમે પણ સાચા સામાયિકની સમભાવની સ્પર્શના કરી શકીએ'

**પ્રશ્ન : આ કાળમાં મોંઘવારી એટલી વધી ગઈ છે કે જો નીતિની રીતિ જ અપનાવીએ તો જરૂરીયાતના બે છેડા ભેગા થતા નથી.**

ઉત્તર : કાળ કોઈ પણ હોય પણ વ્યક્તિ જો નીતિને જીવન સિધ્ધાંત બનાવીને દઢપણે વળગી રહે તો અવશ્ય એ રીતે જીવી શકે શરત માત્ર એટલી કે જરૂરીયાતોને એકદમ સિમિતિ બનાવીને જીવવું. Mobile, A.C., Car વગેરે વિના ન જ ચાલે એવું જો આપણે માનતા હોઈએ તો છેડા ભેગા કરવા અશક્ય જ લાગે ને ? આશય એ છે કે જો જરૂરીયાતની કંઈક મર્યાદા હશે તો કમ સે કમ મોટી અનીતિઓથી તો બચી જ જવાશે.

**પ્રશ્ન : જો ન્યાય-નીતિથી જ અર્થોપાર્જન કરીશું તો દાન-પુણ્ય કઈ રીતે થઈ શકશે ?**

જવાબ : દાન-પુણ્ય માટે અનીતિથી કમાણી કરવાની વાત જૈન-શાસ્ત્રોને ક્યારેય માન્ય નથી. પગ કાદવથી ખરાબ કરવો અને પછી પાણીથી સાફ કરવા કરતાં પગ ખરડવો જ નહીં એ શ્રેષ્ઠ બાબત છે એમ અનીતિથી પૈસા કમાવવા અને પછી દાન કરવું એના કરતાં ન્યાય સંપન્ન વૈભવનો આદર્શ ચડીયાતો છે.

**અંતે, આ ગુણનું વિવેચન એક પ્રાસસભર મજાની પંક્તિથી સમાપ્ત કરીએ. જો ઈચ્છો છો તમે...નિરોગી તન...પ્રસન્ન મન અને આનંદમય જીવન તો મેળવજો ન્યાય-નીતિપૂર્વકનું ધન...**

લિ. મંત્રીઓ

સં.પ.પુ.આ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

## KVOSJM Shree K.V.O. Sthanakwasi Jain Mahajan

STHANAKWASI JAIN MAHAJAN

70 / 80, Dr. Ambedkar road, Opp. Voltas, Chinchpokli (E), Mumbai-400012. Phone: 23721084 / 23734678, Time: 11 to 5

# Government Scheme Committee

**Following Jain Minority Scholarships from Central Government are available for the students. Apply online on the below given portal.**

| Scholarship Name | Eligible Courses | Family Income | Website | Last Date for Application |
|---|---|---|---|---|
| Pre-Matric Scholarship | Class 1 to 10 | Rs. 1 lac /- | https://www.scholarships.gov.in | 30.09.2022 |
| Post-Matric Scholarship | Students of 11th, 12th, ITI, Diploma, Under Graduate, Post Graduate, M.Phil & Ph.D | Rs. 2 lac /- | | 31.10.2022 |
| Merit-cum-Means Scholarship | Students of Professional Courses like (BE, MBBS, B.Pharm, MBA, BHMS, BUMS, BAMS, LLB, CA ets. | Rs. 2.5 lac /- | | |
| Begum Hazrat Mahal National Scholarship | Only Girls students Studying in 9th Std. to 12th class. | Rs. 2 lac /- | http://bhmnsmaef.org/maefwebsite/ | 30.09.2022 |

સંપર્ક : અમિત વિસરીયા 9769256069 | હિતેશ વીરા 9820212710 | સંદીપ ગાલા 8450999598

કન્વીનર : સરકારી યોજના સમિતિ

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

☎ ૨૩૭૧૪૬૭૪-૨૩૭૭૩૦૩૨ ☎ www.kvoss.org

### શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ 'શુભેચ્છક દાતા'

તા. ૧૫ સપ્ટેમ્બર માટે ડો. નીતીન વિશનજી પદમશી કક્કા (પત્રી)નાં જન્મ દિન નિમિત્તે એમના તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક.વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે.

● જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(28) --------- (A-10849)(4-1)

### શરતચુકથી થયેલ નામનો સુધારો

શ્રી વા.વિ.ઓ.સ્થા. જૈન સંઘ - ચીરાબજારની 2nd સેન્ટર પેજ તારીખ ૧૪-૯-૨૨ની જાહેરાતમાં 'અભિનંદન છે પર્યુષણ-વ્યાખ્યાનોની વિશિષ્ટ પ્રભાવનાના દાતા' હેડીંગ અંતર્ગત (૧) માતુશ્રી જેતબાઈ મોણશી મેપશી બુરીચા પરીવાર-લાકડીયા (૨) માતુશ્રી રતનબેન ભારમલ મેપશી બુરીચા-લાકડીયા એ રીતે વાંચવા વિનંતી. મેટર લખવામાં થયેલ શરતચુક બદલ ક્ષમાપના. લિ. કોરશી માડણભાઈ મોતા (પ્રમુખશ્રી).

4/1/1(24) --------- (A-10829)(4-2)

### નાના ભાડીયા (મુળસ્થાન) નંદુ ફરીયા મધ્યે અંબે માને નમતા છેડા નુખનાં ભાવિકો

આ વરસે આસો માસની નવરાત્રી તા. ૨૬-૦૯-૨૨ થી તા. ૫-૧૦-૨૨ સુધી દરરોજ સવારે ચંડીપાઠનું આયોજન કરવામાં આવેલ છે.

● ચંડીપાઠમાં બેસવા અને પ્રસાદી માટે એક દિવસનો નકરો રૂા. ૨૫૦૦/- રાખવામાં આવેલ છે તે દિવસે દાતા તરફથી ચંડીપાઠ દરમ્યાન પ્રસાદી ધરાવવામાં આવશે. જે ભાવિકોને રૂા. ૫૦૦/- અથવા રૂા. ૧૦૦૦/- પણ લખાવવા હોય તો લખાવી શકાશે.

● સ્થાનિકે અખંડ દિપકનો એક મહીનાનો નકરો રૂા. ૧૫૦૦/- છે જેમને નામ લખાવવા હોય તો લખાવી શકો છો.

● સમૂહ ચીર જુહાર તા. ૩૧-૧૦-૨૨ અને સમૂહ જુહાર તા. ૧-૧૧-૨૨ કારતક સુદ આઠમના રહેશે. હજી પણ જે ભાવિકોને નામ લખાવવા હોય તો સેન્ટર પર પૈસા ભરીને નામ તા. ૩૦-૯-૨૨ સુધી લખાવી શકો છો. ત્યાર બાદ નામ લેવામાં નહીં આવે.

● નવરાત્રીમાં જે પણ ભાવિકો કચ્છમાં હોય તેઓએ સ્થાનિકે ચંડીપાઠમાં લાભ લઈ શકશે. દર્શન તથા પ્રસાદીનો લાભ લેશોજી.

● વધુ વિગત માટે સંપર્ક : પીન્ટુ શાંતીલાલ છેડા (નાની ખાખર) મો.નં. 7977373336 ઉપર સંપર્ક કરવા વિનંતી. લિ. છેડા ભાવિક મંડળ ટ્રસ્ટ (મુળસ્થાન)નાં જય માતાજી.

4/1/1(19) --------- (A-10811)(4-3)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# મહિલા સંસ્થા સમાચાર

## શ્રી ટોડા સાહેલી મંડળ 'રાસ ગરબા'

મંડળ વતી સર્વને ખમાવતા મિચ્છામી દુક્કડમ તેમજ સર્વે તપસ્વીઓને શાંતા પુછીને ખુબ ખુબ અનુમોદના કરીએ છીએ.

● ટોડાની બહેનો, નિયાણીઓ તથા ભુલકાઓ સાથે પારંપરિક વસ્ત્ર પરિધાન કરીને તાળીઓના તાલે નવલી નવરાત્રી ઉજવીએ.

● તારીખ ૦૮/૧૦/૨૦૨૨ ને શનિવારે ૩ વાગ્યાથી વેલબાઈ સભાગૃહ, માટુંગા સેન્ટ્રલ.

● વિવિધ ગ્રુપ પ્રમાણે શ્રેષ્ઠ વસ્ત્ર પરિધાન તેમજ શ્રેષ્ઠ રમનારને ઈનામોની વણઝાર.

● આ પ્રોગ્રામ માં મેમ્બરશીપ રીન્યુયલ કરવાની છે જેની મેમ્બરશીપ ફી રૂપિયા ૫૦૦ છે.

● જે નવા મેમ્બર થવા ઈચ્છતા હોય એ આ પ્રોગ્રામ માં મેમ્બરશીપ ભરીને આ પ્રોગ્રામ ફી માં માણી શકશે.

● ગેસ્ટ ચાર્જ રૂપિયા ૩૦૦ રાખવામાં આવેલ છે

● ચા-કોફી, અલ્પાહાર ની વ્યવસ્થા છે.

● તમારા નામ અને ઉંમર ચાર દિવસ માં નીચેના વ્યક્તિ પાસે લખાવવા વિનંતી જેથી પ્રોગ્રામ વખતે વ્યવસ્થા જાળવવા સળરતા રહે.

● સંપર્ક સેતુ : શીતલ ગાલા મો. નં. ૯૮૩૩૫૮૫૭૫૮

● નયના ગાલા મો.નં. ૯૭૦૨૨૮૫૨૫૨ લિ. ટોડા સાહેલી મંડળ કારોબારી સભ્યો.

4/1/1(18) -------- (A-10812)(8-1)

## કચ્છી મહિલા ફેડરેશન
## સામાન્ય સભા (AGM) ૧૭ સપ્ટેમ્બર, શનિવાર

સંસ્થાની સામાન્ય સભા ૧૭ સપ્ટેંબર, શનિવારના શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતામ્બર જૈન સંઘની નારાણજી શામજી વાડી, પ્રેમજી જેઠાભાઈ હોલ, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મું.૧૯ મધ્યે બપોરના ૩.૦૦ કલાકે નીચે મુજબના એજેન્ડા માટે રાખવામાં આવેલ છે.

● ગત મિટીંગની મિનીટ્સનું વાંચન અને બહાલી.

● ગત વર્ષના કાર્યક્રમોના અહેવાલોનું વાંચન

● તા. ૧-૪-૨૦૨૧ થી તા. ૩૧-૩-૨૦૨૨ સુધીના ઓડિટ થયેલા હિસાબોનું વાંચન અને બહાલી.

● ઓડિટરની નિમણુંક અને મહેનતાણું નક્કી કરવા બાબત.

● અકાઉન્ટન્ટની નિમણુંક અને મહેનતાણું નક્કી કરવા બાબત.

● પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે.

● સંસ્થાના સંલગ્ન મંડળોના પ્રતિનિધીઓ તથા આજીવન સભ્યોને સમયસર આવવા નમ્ર વિનંતી. આઈકાર્ડ જરૂરી.

● તા.ક. કોરમના અભાવે મુલત્વી રહેનાર સભા અડધા કલાક ઉપરોક્ત સ્થળે ઉપરોક્ત એજેન્ડા માટે મળશે. જેની કાર્યવાહી બંધારણીય ગણાશે.

● નોંધ : AGM બાદ રાસ ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

● લિ. મંત્રીઓ : મનીષા મુકેશ ગંગર, ફાલ્ગુની કૌશિક છેડા.

2/1/1(32) -------- (A-10857)(8-2)

પ્રખ્યાત મસાલા મેનુફેકચરીંગ કંપની માટે માર્કેટીંગના અનુભવી સેલ્સમેનની જરૂરત. રેફરન્સ જરૂરી. ભાયંદર-વિરારની પહેલી પસંદગી. ઉંમર : ૨૮-૪૦. બાઇકનું લાઇસન્સ કંપલ્સરી. મનસુખ-9833366844. કોલ ટાઇમીંગ 4 pm to 6 pm.

4/1/1(34) -------- (B-10854)(8-3)

## શ્રી ક.વી.ઓ.જૈન સેવા સમાજ કુરલા મહીલા પાંખ સંગાથે

નવરાત્રીના આગમનની પૂર્વ સંધ્યાએ કુરલાવાસી સર્વે ભાઈઓ-બહેનો, યુવાનો તેમજ ભુલકાઓ પારંપારીક વસ્ત્ર પરીધાન કરીને, તાળીઓના તાલે રાસ-ગરબાની રમઝટ માણવા થઈ જાવ તૈયાર અને સહુ સાથે મળી ઉજવીએ નવલી નવરાત્રી.

● સાથે વય ગ્રુપ પ્રમાણે બેસ્ટ ડ્રેસ અને બેસ્ટ પ્લેયરને ઈનામો તો ખરા જ.

● તા. ૨૪-૦૯-૨૦૨૨, શનિવારે સાંજે ૫.૦૦ વાગ્યાથી.

● સ્થળ : શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુરલા (કુરલા મહાજનવાડી)

● સુગમતા રહે તે માટે આવનારે રજીસ્ટ્રેશન ૨૨ સપ્ટેમ્બર સુધી કરાવવું ફરજીયાત. રજીસ્ટ્રેશન વગર એન્ટ્રી આપવામાં આવશે નહીં તેની નોંધ લેશોજી.

● સંપર્ક : બીના સાવલા-૯૮૧૯૨૪૬૫૬૦, પુષ્પા સતરા-૯૮૬૯૩૨૭૩૯૩.

● નોંધ : પ્રોગ્રામ સમયસર ચાલુ થઈ જશે.

● નોંધ : શૈક્ષણીક સમારંભમાં આયોજેલ કાર્યક્રમ માટે ૧૮ સપ્ટેમ્બર, રવિવાર, સવારે ૧૧.૦૦ વાગે કાર્યક્રમમાં ભાગ લેનારે ઓડીશન રાઉન્ડ માટે હાજર રહેવું ફરજીયાત છે. લિ. શ્રી ક.વિ.ઓ. જૈન સેવા સમાજ કુરલા મહીલા પાંખ કન્વીનરો તથા કમીટી મેમ્બરો.

4/1/1(35) -------- (A-10874)(8-4)

## ગઢશીશા મામલ માતાજી ભાવિક સંઘ

ગઢશીશા ગામે પૂ. મામલ મા, પૂ. ગાત્રાળમા ને નમતા સર્વે ભાવિકો જોગ.

● સદાય દેઢીયા કુળની રક્ષા કરનારા, અમીદ્રષ્ટી રહી છે. દરેક ભાવિકો પર ખીરનાં મીં વરસાવનારા એવા પૂ. મામલ મા, પૂ. ગાત્રાળ મા, પૂ. જખ બૌતેરા, પૂ. સતીમાના ચરણોમાં કોટી સહ વંદન.

● દર વર્ષની જેમ આ વર્ષે પણ સમૂહ જુહારનું આયોજન કરવામાં આવેલ છે. આસો વદ-૧૩, તા. ૨૩-૧૦-૨૨ ધનતેરસના ત્રણે સ્થાને ધજા ચઢાવવામાં આવશે. આસો વદ-૧૪ કાળી ચૌદસ, તા. ૨૪-૧૦-૨૨ના ભોંઈમાની ધોત બદલીનો પ્રોગ્રામ પછી સમૂહમાં પૂ. ગાત્રાળ માને સમૂહમાં જુહાર ધરાવવામાં આવશે. આસો વદ-૩૦ દિવાળી, તા. ૨૫-૧૦-૨૨ના ચીડ જુહાર, લગ્નનાં જુહાર પછી પૂ. મામલ માને સમૂહમાં જુહાર ધરાવવામાં આવશે. પછી બપોરનાં સતીમાના જુહાર ધરાવવામાં આવશે. દિવસ દરમ્યાન અવનવા કાર્યક્રમો રહેશે. તા. ૨૨-૧૦-૨૨ બપોરથી તા. ૨૬-૧૦-૨૨ સવારના નવકારશી સુધી માતાજીનો પ્રસાદ સહ સાધર્મિક ભક્તિ રહેશે. તો સર્વે ભાવિકોને પધારવા નમ્ર આમંત્રણ. પૂ. મામલ માના જુહારનાં રૂા. ૧૦૦૦, પુ. ગાત્રાળ માના રૂા. ૭૦૦, ચીડ જુહાર છોકરીનાં રૂા. ૬૦૦, છોકરાના ચીડ રૂા. ૧૨૦૦, લગ્નનાં જુહારનાં રૂા. ૨૨૦૦ સતીમાના જુહાર રૂા. ૮૦૦. આ પ્રમાણે નકરો રાખવામાં આવેલ છે. નીચે ઠેકાણે રકમ ભરી નામ લખાવવા પોચ લઈ લેવી. (૧) ચોઈસ ફુટ વેર-મુલુંડ (વે.) મો.નં. 9969840800 (૨) નવિન લખમશી ડોંબીવલી (ઈ.) 9820726885. લિ. ગઢશીશા મામલ માતાજી ભાવિક સંઘના જય માતાજી.

4/1/1(23) -------- (A-10804)(8-5)

## શ્રી વિક્રોલી અ.ગ.જૈન સંઘ પર્યુષણ પર્વમાં વિવિધ લાભાર્થીઓની અનુમોદના

શ્રાવણ વદ ૦)) પોથી પધરાવવાનો માતુશ્રી લીલાવંતીબેન ખેતશી ગડા ગામ : સણોસરા પાંચજ્ઞાન પુજા (૧) શ્રી દામજી દેવજી સંગોઈ-મેરાઉ (૨) શ્રીમતી રમીલાબેન શાંતીલાલ મારૂ-હાલાપુર (૩) શ્રીમતી હેમલતાબેન જયંતીલાલ કુંવરજી-વિઢ (૪) માતુશ્રી રસીકબેન ઠાકરશી ગાલા-નવાવાસ (૫) શ્રીમતી મીનાબેન યોગેશ દામજી ગડા-લાયજા ભા.સુ.૨ મોક્ષની બારી ખોલવાનું : જીત, કુંજ રાજેશ દેઢીયા-ગઢશીશા મહેતાજી બનવાનું : ખુશી પ્રણવ શાંતીલાલ મારૂ-હાલાપુર સકળ સંઘને તિલક કરવાનો કશીશ, વિવાન જીમીત છાડવા-લાયજા, ભા.સુ. ૨ બપોરની સાધર્મિક ભક્તિ : માતુશ્રી પ્રભાબેન દામજી દેવજી સંગોઈ હસ્તે અખિલ લહેરચંદ સંગોઈ-મેરાઉ સકળ સંઘને બુંદીના લાડુની પ્રભાવના : શ્રી રામજી મેઘજી ગાલા-દેવપુર શાલીભદ્રની પેટી પધરાવવાનો : શ્રીમતી પ્રીતીબેન ભરત વોરા-બીદડા પારણું પધરાવવાનું : શ્રીમતી કંચનબેન દિનેશ નાગજી ગડા-હાલાપુર હસ્તે શ્રીમતી હેમલતાબેન જયંતીલાલ ગોસર-વિઢ ભા.સુ. ૬ના તપસ્વીઓના પારણા તથા સકળ સંઘની નવકારશી (૧) માતુશ્રી કુસુમબેન બાબુભાઈ રતનશી શાહ (લકી સાડી) ભુજપુર (૨) માતુશ્રી વિમળાબેન વશનજી લાલજી સાલીયા-ગોધરા (૩) માતુશ્રી મંજુલાબેન રવીલાલ ખીમજી રાંભીયા (ફોરમ સાડી) રામાણીયા ભા.સુ. ૫ બારસા સુત્ર વહોરાવવાનું : ખુશી પ્રણવ શાંતીલાલ મારૂ-હાલાપુર ચિત્ર દર્શન : કશીશ-વિવાન જીમીન છાડવા-લાયજા, જીત-કુંજ રાજેશ નાનજી દેઢીયા-ગઢશીશા પાંચ જ્ઞાન પુજા (૧) માનવ ભરત ભવાનજી વોરા-બિદડા (૨) માતુશ્રી રસીકબેન ઠાકરશી ગાલા-નવાવાસ (૩) શ્રીમતી લીનાબેન લહેરચંદ દામજી સંગોઈ-મેરાઉ (૪) શ્રીમતી મીનાબેન યોગેશ પ્રેમજી ગડા-લાયજા (૫) પાર્થ હીના રાજેશ નેણશી વીરા-દેવપુર. સાંવત્સરીક પ્રતિક્રમણ બાદ શ્રીફળની પ્રભાવના : શ્રીમતી ગીતાબેન ખુશાલ પ્રેમજી છાડવા-લાયજા. લિ. મંત્રીઓ : ચંપકલાલ જગશી ગંગર-ગોધરા, ગીરીશ પોપટલાલ ગાલા-બાડા.

4/1/1(16) -------- (A-10820)(8-6)

## દેશ વિદેશ કુરિયર ૨૪*૭

સાઉથ આફ્રિકા, કેન્યા, નાઇઝેરિયા, મોઝામ્બિક, યુગાન્ડા, મોરેશિયસ, તથા બીજા આફ્રિકન દેશોમાં documents, કુરિયર, ખાવાપીવાની અને અન્ય ચીજવસ્તુઓ તેમજ એક્સપોર્ટરો/ ઈમ્પોર્ટરો માટે Sample / Freight Economic/ Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો – Vacuum Packing Available. Free Pick Up Service PAC n DELIVER T – 48932230, M–8879991866 anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(17) -------- (B-10818)(8-7)

## ! બગડેલું કામ પણ સુધારી આપશું !

વરસાદના કે W.C., બાથરૂમ, બાથટબ, કીચન સીંકના લીકેજને બંધ કરવા માટે પહેલાં કોઈકની પાસેથી વોટરપ્રુફીંગ કરાવ્યા છતાં લીકેજ બંધ ન થયું હોય તો, હવે વિના સંકોચે 'રાજા & રાજા' ને બોલાવો ! અમે બગડેલું કામ પણ સુધારી આપશું. તોડફોડ વિના ૧૦૧% લીકેજ બંધની ગેરંટીવાળું કામ તો બસ રાજા & રાજાનું જ ! CALL-25080101.

4/1/1(30) -------- (B-10846)(8-8)

## કચ્છ યુવક સંઘ : નિઃશુલ્ક મેડીકલ સેમિનાર

**કચ્છ યુવક સંઘ દ્વારા શનિવાર, તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ ડો. ગૌરાંગી શાહ (M.D. General Medicine & Therapeutics PGCVR - Hinduja Hospital) દ્વારા ડાયાબીટીસ અને હાર્ટની બીમારીથી બચાવ માટે નિઃશુલ્ક સેમીનારનું આયોજન સવારે ૧૦.૦૦ વાગે સંસ્થાના દાદર કાર્યાલય પર કરવામાં આવેલ છે. આ સેમીનાર હિન્દી ભાષામાં રહેશે. નામ મર્યાદિત સંખ્યામાં લેવાના હોતા વહેલા તે પહેલાનાં ધોરણે આપનું નામ રજીસ્ટર કરાવો. રજીસ્ટ્રેશન માટે સંપર્ક : ૨૪૧૧૪૦૦૧, ૨૪૧૧૪૦૦૨. લિ. મેડીકલ કન્વીનર.**

4/1/1(2) -------- (A-10823)(8-9)

## (JYF) જૈન યુથ ફોરમ
## સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ

આજે મ્યુઝીક સાંભળવાનો ત્યાગ કરવો. (૫ ઈન્દ્રીયો પર વિજય મેળવવા માટે)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.

● JYF હેલ્પલાઈન નંબર 8591438983.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(15) -------- (A-10821)(8-10)

## શું તમારા "ACCOUNTS" હજી પણ updated નથી?

શું તમારા I. TAX / GST / ROC ના RETURNS FILE નથી થયા? NO PROBLEM, ACCOUNTS ના દરેક પ્રકારના કાર્ય માટે "ONTIME SOLUTIONS'. અમારી વિશેષતાઓ :

● COMPUTERISED ACCOUNTS WRITING TILL. FINALISATION / INTERNAL ACCOUNTS SUPERVISION.

● BANK LOAN / OD FACILITY / PROJECT REPORT ETC.

● તમારી ઓફિસે આવીને પણ ACCOUNTS WRITING કરી આપવામાં આવશે.

● સંપૂર્ણ મુંબઈ, થાણા તથા વાપી સુધી સેવા ઉપલબ્ધ.

● સં. "ONTIME SOLUTIONS LLP.' મુલુંડ (વે.) Mo.: 9594016116, 25900006/08. www.ontime.co.in.

2/1/1(33) -------- (B-10856)(8-11)

## 'સેલ્સમેન જોઈએ છે'

ઘાટકોપર (ઈસ્ટ) માં સલવાર કમીઝ કુર્તીની નવી શોપ માટે યુવા પરફેક્ટ 'સેલ્સમેન' જોઈએ છે. જે શોપનું પ્રોડક્શન પોતાની આગવી અદાથી ઘરાકોને પરફોર્મ કરી શકે... ફક્ત સરસ 'સેલ્સમેન' જોઈએ છે. ફુલ ટાઈમ માટે. સારા વળતરવાળા યુવાઓએ W.S. ઉપર બાયોડેટા ફોટા સાથે મોકલાવી કોન્ટેક કરવો ઉંમર ૨૦ થી ૪૫ વર્ષ સુધીના. રાજુભાઈ-9869051527.

4/1/1(31) -------- (B-10852)(8-12)

### ભાડે આપેલી દુકાન વેચવાની છે

**નાશીક મેઈન રોડ ઉપર 2 Shutter ગાલા ૬૦૦ ફુટ દુકાન ભાડે આપેલી વેચવાની છે. સંપર્ક : વેલજી શાહ-9867100120.**

4/1/1(1) -------- (B-10758)(10-1)

### અંગ્રેજી બોલવાના ફાયદા

નવી પેઢી અને સામાજીક વૃધ્ધિ સાથે તાલમેલ, પોતાની સમજ અને આત્મવિશ્વાસ વધારવાની નવી તક, ૧૦૦% ખાતરી સાથે ઘર બેઠા શીખવા હમણાં જ કોલ કરો, વય મર્યાદા નથી. Hemang Gala : 9619391890.

2/1/1(14) -------- (B-10645)(10-2)

### કલ્યાણ-વે.માં અમેરીકન ડાયમંડ અને ફોરમીંગ જ્વેલરીનું ગુરૂવારે એક્ઝીબીશન

'ચીરાગ આર્ટસ' કાંદીવલી મીના ગાલા (ગેલડા/ નાની ખાખર) પાસે રીયલમાં પણ ન જોવા મળે તેવા અમેરીકન ડાયમંડના પેન્ડલ બુટ્ટી સેટ, નેકલેસ સેટ, ઓપનેબલ ડાયમંડ બેંગલ્સ, ફેન્સી લોંગ એરીંગ્સ, ડેલીકેટ ટુ હેવી બ્રેસલેટ્સ, J બાલી અને વીંટીઓમાં લેટેસ્ટ કલેકશન જોવા મળશે.

● 24 K સોનું ચઢાવેલા ગોલ્ડ- રોડયમના (નીકલ ફ્રી) જાડા લોંગ ચેનો, ચંદન અને સાતધાનીના પેન્ડલો & ચંદનહારમાં અઢળક વેરાયટી.

● કલ્યાણમાં તા. ૧૫-૯ ગુરૂવારના પ્રજ્ઞા છેડા (કુંદરોડી)ના ઘરે. ટા. ૨ થી ૮. એડ્રસ : A/11 સંધ્યા રાગ સો., પારીજાત સો.ની બાજુમાં, આગ્રા રોડ, કલ્યાણ (વે.)

● ડોંબીવલી અને કલ્યાણની બહેનો... મીનાકારી મોતીના લોંગ સેટસ અને ફેન્સી ચોકર સેટ્સનું વેડીંગ કલેકશન જોવા આવજો. ચીરાગ ગાલા : 9619453802.

2/1/1(7) -------- (B-10667)(10-3)

### 'સોની કાનજી આણંદજી જ્વેલર્સ'

**! રેપ્યુટેડ શો રૂમ : Since 1968 !**

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ + ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેકશન.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500 / 24150572.

2/1/1(13) -------- (N-10638)(10-4)

### કચ્છમાં : જુવાર-મુંડનની આઈટમો આપના ઓર્ડર મુજબ બનાવી આપશું

અમારે ત્યાં માતાજીના જુવારના લાડુ, તલપીંડા, ફીણીયા લાડુ, મોદક, ગોળ પાપડી, શીરો, લાપસી વિ. ચીરજુવાર/મુંડન માટે બનાવી આપશું. ઠે રાજેશ છેડા, નિરાંત સોસાયટી, (૧૫ બંગલા) રતાડીયા ગેટની સામે, ગુંદાલા-કચ્છ. મો. 9723066597.

4/1/1(26) -------- (B-10825)(10-5)

### ફક્ત રૂપીયા ૭૦૦ માં

કચ્છની દેશી ગાયનું હાથ વલોણાનું શુધ્ધ ઘી ગીર ગાયનું હાથ વલોણાનું જુનાગઢનું શુધ્ધ ઘી ૧૫૦૦. ફ્રી હોમ ડીલીવરી સાથે મળશે. ઓર્ગેનિક આસામની કડક ચાય ૪૫૦ બીજોરાનું અથાણું ૩૦૦. કો. કાશમીરા છેડા-લાયજા-9773984876.

4/1/1(25) -------- (B-10826)(10-6)

### 'ફ્રીજ-વોશીંગ મશીન-માઈક્રોવેવ'

દરેક પ્રકારના ફ્રીજ, વોશીંગ મશીન, માઈક્રોવેવ, ફ્રંટલોડ, IFB, SIEMENS રીપેરીંગ માટે સંપર્ક : સચીન છેડા (બિદડા) મો. 9869126381, 9320982123. વિઝીટ ચાર્જ-૩૦૦/-

4/1/1(21) -------- (B-10806)(10-7)

### કેરાલા...કેરાલા...કેરાલા... દિ.૮
### રૂા. ૨૫૦૦૦/-

સ્થળો : મુનાર, ઠેક્કડી, પેરીયાર, અલપઇ, ત્રિવેન્દ્રમ, ક્વાલમ, પુવર.

